સ્પે.દિ.મુ.નં.૨૨/૨૦૧૮

**ડીસા ના પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ ની કોર્ટ મા**

**વાદી**

બેંક ઓફ બરોડા, ડીસા શાખા

ઠે : નંદનવન કોમ્પલેક્ષ, સ્પોર્ટર્સ કલબ પાસે,

મુ : ડીસા, તા : ડીસા, જિ : બનાસકાંઠા

**વિ.**

**પ્રતિવાદી**

૧. રબારી લીલાભાઇ મશરુભાઇ

૨. રબારી વાહજીભાઇ મશરુભાઇ

૩. રબારી પરબતભાઇ સેંધાભાઇ

૪. રબારી ભરતભાઇ સેંધાભાઇ

૫. રબારી મુકેશભાઇ સેધાભાઇ

૬. રબારી ઢેગાભાઇ માધાભાઇ

૭. રબારી જીવરાજભાઇ વિહાભાઇ

તમામ ઉ.વ.આ : પુખ્ત, ધંધો : ખેતી,

તમામ રહે : રોબસ મોટી, તા : ડીસા, જિ : બનાસકાંઠા

વાદી તર્ફે વિ.વ.શ્રી : કે.વી.ગેલોત

પ્રતિવાદી તર્ફે વિ.વ.શ્રી : એકતરફી

**<u>દાવો રૂા.૬,૧૫,૭૦૯/- વસુલ લેવા માટે નો</u>**

**<u>ચુકાદો</u>.**

**૧.** વાદીએ હાલ નો દાવો રુા.૬૧૫૭૦૦/-  વસુલ લેવા માટે ગુજારેલ છે. જે અન્વયે વાદી ની ટુંક વિગત એવી છે કે, પ્રતિવાદી નં.૧ થી ૫ નાઓએ ખેતી વિષયક ધિરાણ મેળવવા અલગ-અલગ અરજીઓ કરેલી. સદર અરજીઓ સ્વીકારી તેઓને ખેતી વિષયક ધીરાણ આપવામા આવેલ.વધુ મા પ્રતિવાદીઓને વાદી બેંક મા તેમના ખાતા નં.૦૯૫૮૦૫૦૦૦૦૨ -૨૮૧ થી ક્રોપ લોન ની રકમ રુા.૫,૨૦,૦૦૦/- આપવામા આવેલ. આ લોન સંદર્ભે લોન લેનાર તથા જામીનદારો એ જરુરી દસ્તાવેજો કરી આપેલ. જેમા ધિરાણ લેનાર તથા તેમના જામીનદારો ની સહીઓ છે, પ્રતવાદી નં.૬ અને ૭ નાઓ પ્રતિવાદી નં.૧ થી ૫ નાઓના જામીનદાર રહેલા છે. પ્રતિવાદી નં.૧ થી ૫ નાઓએ તેઓની રોબસ મોટી તા : ડીસા, ખાતે આવેલ તેઓની સર્વે નં.૨૧૨/પી૧ તથા સવેર નં.૨૧૫ વાદી બેંક ના તારણ મુકી તેના ઉપર બોજો ઉત્પન્ન કરેલ, જે અંગે ની નોધ સબ- રજીસ્ટ્રાર શ્રી ની કચેરી મા તા : ૧૧/૬/૨૦૧૪ ના રોજ થયેલ છે તથા ગામ પત્રકે આ અંગે ની નોધ નં.૧૬૦૯ પડેલી છે.
પ્રતિવાદી નં.૧ થી ૫ પાસે થી તા : ૨૬/૬/૨૦૧૮ સુધી વાદી બેંક ને ખર્ચ સહીત ધિરાણ તથા તેના ઉપર વ્યાજ મળી કુલ રુા.૬૧૫૭૦૯/- લેવાના નીકળે છે. પ્રતિવાદીઓએ સદર રકમ ભરપાઇ કરી આપવા સંબધે લેખિત કબુલાત કરી આપેલ તેમ છતા પ્રતિવાદીઓએ તેમનુ ખાતુ બેંક ના નિયમો મુજબ નિભાવેલ નહી. તેથી વાદી બેંક એ વારંવાર મૌખીક તથા લેખિત પ્રયત્નો કરેલ હોવા છતા પણ આ કામ ના પ્રતિવાદીઓએ વાદી બેંક ને તેની લ્હેણી રકમ વસુલ આપેલ નથી અને તેથી વાદી એ હાલ નો દાવો ગુજારેલ છે.

**૨.** પ્રતિવાદીઓને સદર દાવા ના કામે થી કાઢેલ સમન્સ બજી ગયેલ હોવા છતા પ્રતિવાદીઓ સદરકામે થી હાજર ન થતા, તેઓ સામે આગળ ની કાર્યવાહી એકતરફી ચલાવવાનો હુકમ તારીખ : ૦૮/૧૦/૨૦૧૮ ના રોજ કરવામા આવેલ.

**૩.** સદરકામે થી મુદદા આંક.૯ થી કાઢવામા આવેલ છે. જે નીચે મુજબ છે.

**<u>મુદદા</u>**

(૧) શુ વાદી  પુરવાર કરે છે કે, પ્રતિવાદી નં.૧ થી ૫ નાઓએ વાદી બેંક  પાસે થી  લોન લીધેલ  ?

(૨) શુ વાદી  પુરવાર કરે છે કે, પ્રતિવાદી નં.૧ થી ૫ નાઓએ  લીધેલ  લોન મા પ્રતિવાદી નં.૬,૭ જામીનદાર રહેલા ?

(૩) શુ વાદી  પુરવાર કરે છે કે, પ્રતિવાદીઓએ આ લોન ની ભરપાઇ કરેલી નથી ?

(૪)  શુ વાદી  પુરવાર કરે છે કે, તે માંગ્યા મુજબ ની દાદ મેળવવા હકકદાર છે ?

(૫) શુ હુકમ અને હુકમનામુ ?

**૪.** વાદી તર્ફે નીચે મુજબ નો મૌખીક તથા દસ્તાવેજી પુરાવો રજુ થયેલો છે.

**<u>મૌખીક પુરાવો.</u>**

આંક.૧૦ : શ્યોપાલ છિત્તરલાલ મીના ની જુબાની

**<u>દસ્તાવેજી પુરાવો.</u>**

આંક.૧૨ : પ્રતિવાદી નં.૧ થી ૫ એ રુા.૨૪૦૦૦૦/- ની લોન મેળવવા કરેલ અરજ. તા : –

આંક.૧૩ :  પ્રતિવાદી નં.૧ થી ૫ એ રુા.૫૨૦૦૦૦/- કૃષિ કામગીરી માટે રુા.૫૨૦૦૦૦/- ના ધીરાણ ના નવીનીકરણ માટે કરેલ અરજ. તા : ૨/૫/૨૦૧૬

આંક.૧૪ : ડીમાન્ડ પ્રોમીસરી નોટ. તા : ૬/૫/૨૦૧૪

આંક.૧૫ : હાઇપોથીકેશન કરાર. તા : ૬/૫/૨૦૧૪

આંક.૧૬ : કરાર તથા કુલમુખ્યતારનામુ. તા : ૬/૫/૨૦૧૪

આંક.૧૭ : ડેકલેરેશન તથા અન્ડરટેકીગ તથા ઓથોરીટી નો લેખ. તા : ૬/૫/૨૦૧૪

આંક.૧૮ : એકનોલેજમેન્ટ ઓફ ડેબ્ટ નો પત્ર. તા : ૬/૫/૨૦૧૪

આંક.૧૯ : મંજુરી પત્ર. તા : ૬/૫/૨૦૧૪

આંક.૨૦ : ગુજરાત કૃષિ ધિરાણ (સુવિધા જોગવાઇ) અધિનિયમ હેઠળ નો એકરાર. તા : ૧૧/૬/૨૦૧૪

આંક.૨૧ : જમીન ખાતાવહી નો ઉતારો.

આંક.૨૨ : નમુના નં.૭ નો ઉતારો.

આંક.૨૩ : જમીન ખાતાવહી નો ઉતારો.

આંક.૨૪ : નમુના નં.૭ નો ઉતારો.

આંક.૨૫ : ફેરફાર નોધ નં.૧૬૦૯ નો ઉતારો.

આંક.૨૬ : વાદી બેંક મા સદર લોન અંગે પ્રતિવાદી નં.૧ થી ૫ ના ખાતા નો ઉતારો.

વાદી તર્ફે પુરાવો બંધ કર્યા ની પુરશીશ આંક.૨૭ થી રજુ થયેલી છે.

**૫.** વાદી તર્ફે વિ.વ.શ્રી ની રજુઆત છે કે, વાદીએ રજુ કરેલ પુરાવા થી પોતાનો કેસ પુરવાર કરેલ છે, અને તે સંજોગો મા વાદી નો દાવો મંજુર કરવો જોઇએ.

**૬.** રજુ થયેલ પુરાવા તથા દલીલો ના આધારે ઉપરોક્ત મુદદાઓના મારા જવાબ નીચે મુજબ છે, જે માટે ના કારણો નીચે જણાવ્યા મુજબ ના છે.

**૭.જવાબ**

(૧) હકાર મા

(૨) હકાર

(૩) હકાર મા

(૪) હકાર મા

(૫) આખરી હુકમ મુજબ

**૮. કારણો.**

**મુદદા નં.૧**

પ્રતિવાદીઓ સદરકામે થી હાજર થયા નથી. તે સંજોગો મા સદરકામે થી તેઓ વિરુધ્ધ એકતરફી કાર્યવાહી થયેલી છે. આમ, વાદી ના કથનો તથા પુરાવા નો પ્રતિવાદીઓ તર્ફે કોઇ ઇન્કાર થયેલ નથી. આંક.૧૩ ધ્યાને લેતા પ્રતિવાદીએ તારીખ : ૨/૫/૨૦૧૬ ના રોજ રૂા.૫,૨૦,૦૦૦/- ની લોન ની માંગણી કરેલી છે અને તે મંજુર થયેલી છે તેમ પુરવાર થાય છે. વાદીએ આ અંગે કરી આપેલ દસ્તાવેજો તથા આંક.૨૦ થી બોજા નોધણી નો એકરાર

તથા આંક.૨૬ નો બેંક ખાતા નો ઉતારો ધ્યાને લેતા પ્રતિવાદી નં.૧ થી ૫ નાઓ તારીખ : ૨/૫/૨૦૧૬ ના રોજ રૂા.૫,૨૦,૦૦૦/- ની લોન લીધેલી તેમ પુરવાર થાય છે તેમ હુ માનુ છુ અને આંક.૧૬ ધ્યાને લેતા પ્રતિવાદી નં.૬,૭ નાઓ પ્રતિવાદી નં.૧ થી ૫ ના જામીનદાર રહેલા તેમ પુરવાર થાય છે તેમ હુ માનુ છુ અને તે સંજોગો મા મુદદા નં.૧,૨ નો જવાબ હકાર મા આપવામા આવે છે.

**<u>મુદદા નં.૩</u>**

વાદી તેઓના સર-તપાસ અન્વયે ના સોગદનામા મા પ્રતિવાદીએ આ લોન ની રકમ ની ભરપાઇ કરેલી નથી તેમ જણાવે છે. આ વિગત નો કોઇ ઇન્કાર પ્રતિવાદી તર્ફે થયેલ નથી. આંક.૨૬ નો બેંક ઉતારો ધ્યાને લેતા પણ આ લોન ની રકમ બાકી જણાય છે. વાદી ની જુબાની તથા આંક.૨૬ નુ બેંક સ્ટેટમેન્ટ નહી માનવા કોઇ કારણ નથી. તે સંજોગો મા પ્રતિવાદીઓએ આ લોન ની રકમ ની ભરપાઇ કરેલી નથી તેમ પુરવાર થાય છે તેમ હુ માનુ છુ અને તેથી મુદદા નં.૩ નો જવાબ હકાર મા આપવામા આવે છે.

**<u>મુદદા નં.૪,૫</u>**

વાદીએ બાકી રકમ ૧૨ ટકા વાર્ષિક વ્યાજે માંગેલ છે પરંતુ તે માટે વાદી તર્ફે કોઇ આધાર રજુ નથી.આંક.૧૪ ધ્યાને લેતા તેમા ૧.૨૫+૧૦.૨૫ વાર્ષિક વ્યાજ વસુલ લેવાનો ઉલ્લેખ છે, આના થી અલગ કોઇ વિગત માનવા કોઇ કારણ રજુ થયેલ પુરાવા આધારે ફલીત થતુ નથી. તે સંજોગો મા રજુ થયેલ પુરાવા આધારે વાદી બાકી રકમ પર વાર્ષિક ૧૧.૫૦ ટકા સાદુ વ્યાજ મેળવવા હકકદાર છે તેમ હુ માનુ છુ.

વાદીએ ૨ ટકા પિનલ વ્યાજ ની માંગણી કરેલી છે,પિનલ વ્યાજ નો ઉલ્લેખ આંક.૧૯ મા પણ છે, પરંતુ સદર ધિરાણ કૃષિ ધિરાણ હોય, પિનલ વ્યાજ અપાવવુ ન્યાયોચિત જણાતુ નથી.

વાદીએ તારીખ : ૨૬/૬/૨૦૧૮ ના રોજ ની બાકી રકમ રૂા.૬,૧૫,૭૦૯/- જણાવેલી છે, પરંતુ તે માટે નો કોઇ આધાર રજુ નથી. રજુ બેંક સ્ટેટમેન્ટ આંક.૨૬ મા તારીખ : ૨૮/૪/૨૦૧૪ ના રોજ સુધી ની જ બાકી રકમ છે. તે સંજોગો મા વાદી તારીખ ના રોજ ની બાકી રકમ દર્શાવી શકતા નથી. તે સંજોગો મા બેંક સ્ટેટમેન્ટ ધ્યાને લેતા તારીખ : ૨૮/૪/૨૦૧૪ ના રોજ ની બાકી રકમ રૂા.૨૪૭૦૮૦.૦૦ હોવાનુ હુ માનુ છુ અને આ રકમ વાર્ષિક ૧૧.૫૦

સાદા વ્યાજે મેળવવા વાદી હકકદાર છે તેમ હુ માનુ છુ. તે સંજોગો મા મુદદા નં.૪ નો જવાબ અંશત હકાર મા આપવામા આવે છે અને ઉપરોકત ચર્ચા આધારે મુદદા નં.૫ નો જવાબ આખરી હુકમ મુજબ આપી,નીચે મુજબ નો હુકમ કરવામા આવે છે.

**હુકમ**

વાદી નો દાવો અંશત મંજુર કરવામા આવે છે.

પ્રતિવાદીઓ ને આથી આદેશ આપવામા આવે છે કે, તેઓ તારીખ : ૨૮/૪/૨૦૧૪ ના રોજ રૂા. ૨૪૭૦૮૦.૦૦ ની બાકી રકમ વસુલ થતા સુધી વાર્ષિક ૧૧.૫૦ ટકા ના સાદા વ્યાજે વાદી બેંક ને ચુકવી આપવી.

તારીખ : ૨૮/૪/૨૦૧૪ ના રોજ બાદ સદર બેંક ખાતા મા પ્રતિવાદીએ જો રકમ જમા કરાવેલ હશે તો તે રકમ મજરે મેળવવા પ્રતિવાદી આથી હકકદાર છે તેની સ્પષ્ટતા કરવામા આવે છે.

પ્રતિવાદી નં.૬,૭ નાઓએ સદર બાકી રકમ પેટે વાદી બેંક ને ચુકવેલ રકમ, પ્રતિવાદી નં.૧ થી ૫ પાસે થી વસુલ મેળવવા હકકદાર છે, તેની આથી સ્પષ્ટતા કરવામા આવે છે.

પ્રતિવાદી નં.૧ થી ૫ નાઓએ વાદી બેંક ને દાવા નો ખર્ચ ચુકવી આપવો તથા પોતાને થયેલ દાવા નો ખર્ચ જાતે ભોગવવો.

હુકમ મુજબ હુકમનામુ દોરવુ.

હુકમ આજરોજ તારીખ ૦૭ મી માહે ફેબ્રુઆરી સન ૨૦૧૯ ના રોજ ખુલ્લી અદાલત મા વાંચી,સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૦૭ /૦૨/૨૦૧૯

સુનીલ પદમાકર રાહતકર
પ્રિન્સીપાસ સીનીયર સીવીલ જજ,ડીસા.
GJ-00585